૬ જૈન મંત્રીઓ

(લેખકઃ-આચાર્ય મુનિ ન્યાયવિજયજી)

૧ વિમલ મંત્રી.

ભીમ બાણાવળીનો મંત્રી વિમલમંત્રી ચુસ્ત જૈન, અને દયાધર્મ પાળનાર શ્રાવક હતો છતાં એક સારા યુદ્ધવિશારદ તરીકે એક સારા મુત્સદી તરીકે એક દાનવીર તરીકે તેની કીર્તિ તેનું નામ અને કામ ગુજરાતના ઇતિહાસમાં જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે.

વિમલનું જન્મસ્થળ પાટણ હતું. તેના પિતાનું નામ વીર અને માતાનું નામ વીરમતિ હતું. તેના દાદા (વીરના પિતા) ગુજરાતના પ્રથમ રાજા, ગુજરાતના રાજ્યના પ્રથમ સ્થાપક શ્રી વનરાજ ચાવડાના દંડનાયક હતા. " ગુજરાતની રાજ્ય ગાદીના મુળ પુરુષથી માંડી અંતિમ ચક્રના-સારંગદેવ સુધી જૈનોએ ઓછાવત્તા પ્રમાણમાં સત્તા ભોગવી છે. " તેવી રીતે વિમલના દાદા લાહીર પણ વનરાજના દંડનાયક હતા. તેઓ બહુ પ્રતાપી અને મુત્સદી હતા. તેઓ પોરવાડ વંશના હતા કે જેના પૂર્વજો ક્ષત્રિય વંશના હતા. તે વખતે ઘણા રજપુતો જૈનો હતા. એટલે લાહીરના શરીરમાં પોતાના પૂર્વજ ક્ષત્રિયોનું લોહી પણ ફરતું હતું. વિમલનો પિતા વીર બહુ ધર્મચુસ્ત હતો અને પોતાની જીંદગીનો ઘણો ખરો વખત તેણે ધર્મકાર્યમાં જ ગાળ્યો હતો.

વિમલ દિવસે દિવસે બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. તેના પિતાએ તેને પાંચ વર્ષની ઉંમરે નિશાળે મુકયો. વિમલ પોતાની તીક્ષ્ણ બુદ્ધિના બળે બહુ થોડા વખતમાં જ્ઞાન સંપાદન કરી ભણવાનું [૧] છોડી પોતાને ઘેર બેઠો. હવે પુત્રને યોગ્ય વયનો જાણી ધર્મી પિતાએ પુત્ર ઉપર ઘરનો બધો ભાર મુકી પોતે દીક્ષા લઇ ત્યાંથી ચાલી નીકળ્યો.

તેના પિતા દીક્ષા લઇને ગયા પછી તેની માતાને એમ લાગ્યું કે મારો પુત્ર નાની ઉંમરનો છે અને તેના દુશ્મનો રખેને તેને મારી નાખે એ ભયથી પોતાના પુત્રને લઇને રહેવાને પીયર ગઇ. વિમલ ગામડામાં ગ્રામ્ય અને સાદું જીવન ગાળતો અને ત્યાં તેણે બાણ ફેંકવાની કળામાં સારી પ્રવીણતા મેળવી. તેની આ અદ્ભુત બાણકળા અને બાહુબળની સર્વત્ર પ્રશંસા થવા લાગી. [૨] અને આ પ્રશંસા સાંભળી પાટણના નગરશેઠે લાહીર મંત્રીના પૌત્ર વિમલને પોતાની એકની એક કન્યા આપી.

શીલ લગઇ તૂહી અંબિકા, ત્રિણિવર દીધા પોતિઇ થકા.
બાણ પ્રમાણ ગાઉ તે પંચ, હય લક્ષણના લક્ષ પ્રપંચ—૭૨.

---

૧. તે ભણી ઉતર્યો ત્યારનું તેનું રસમય વર્ણન કરતાં કવિવર શ્રી લાવણ્યસમય વિમલની વિદ્યારંભની પ્રશંસા બહુ સારી રીતે કરે છે. લંબાણ માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ-૧૨૨.

૨. આને માટે કવિ લાણ્યસમય વદે છે કે તેને અંબા માતાની કૃપા હતી. અને માતાએ તેને ત્રણ વરદાન આપ્યાં હતાં. તેને માટે જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ ૧૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ નવ રૂપ નિરતિઇ નિર્મલા, ત્રીજી અદ્‌ભુત અક્ષર કલા.
વર દેઇ દેવી સંચરી, વિમલ વધાવિઉ વિદ્યાધરી—૭૩.

વિમલનું મોસાળ બહુ ગરીબ હતું એટલે તેનાથી વિમલને પરણાવવાનું ખર્ચ થઇ શકે તેમ નહોતું. વિમલની માતાએ પણ કહ્યું કે પૈસા સિવાય હું વિમલનાં લગ્ન નહિ કરૂં. કારણ કે તેના દાદા લાહીર મંત્રી હતા માટે તેમના કુટુંબને છાજે તેમ તેનાં લગ્ન થવાં જોઇએ. આમ રકઝક કરતાં એક વખતે વિમલને ખેતરમાંથી ખોદતાં પુષ્કળ ધન મળ્યું.[1] અને તે પૈસાથી તેના કુટુંબને છાજે તેવા સારી રીતે લગ્ન કરવામાં આવ્યાં. વિમલ હવે પાટણ રહેવા આવ્યો અને ત્યાં પોતાની અદ્‌ભુત બાણકળાનો પરિચય એક વખતે ગુર્જરેશ ભીમને કરાવ્યો.[2] ભીમે તેની બાણકળાથી ખુશી થઇ તેને મોટો સેનાધિપતિ નીમ્યો. વિમલ પોતાની ચતુરાઇથી ધીમે ધીમે આગળ વધ્યો અને ઠેઠ ગુર્જરેશનો મહામંત્રી પણ થયો.

વિમલની મંત્રી તરીકેની કારકીર્દી બહુ પ્રશસ્ય હતી. તે વખતના ગુજરાતના બધા ખંડીઆ રાજાઓ અને મંડલીકો તેનાથી બીતા હતા. તે વખતનો મરૂ ધરાધીશ ભોજને પણ તેણે હરાવ્યો હતો તથા ઠઠ્ઠાનો રાજા બંભણી-પંડીઆને પણ તેણે હરાવ્યો હતો. આ સિવાય બીજી મુખ્ય લડાઇ કયાંય થઇ નથી લાગતી. પરંતુ વિમલપ્રબંધકાર કહે છે કે પૂર્વના રોમનગરના બાર સુલતાનોને તેણે હરાવ્યા હતા. આને માટે અત્યારે તો વિશેષ પુરાવો મળવો મુશ્કેલ છે બલ્કે નથી. છતાં રા. મણીલાલ વ્યાસ આ સંબંધી કાંઇક સમાધાન કરે છે તે આ પ્રમાણે છે. સંવત ૧૦૮૦ માં શહાબુદ્દીન ગોરીએ ગુજરાત ઉપર ચડાઇ કરી અને તેણે ગુજરાત જીત્યું. ગુર્જરેશ હાર્યો નાઠો અને કંથકોટના કિલ્લામાં ભરાયો હતો. પછી સુલતાનનું વિજયી સૈન્ય પાછું જતું હતું તે વખતે વિમલે ત્યાં જઇ લાગ સાધી તેના પટાવતો ઉપર જીત મેળવી હોય અને જૈન સાધુઓએ પટાવતોને સુરત્રાણ નામથી ઓળખાવ્યા હોય તે હકીકત સંભવે છે. (રા. વ્યાસનું આ સમાધાન કંઇક અંશે ઠીક છે પરંતુ હજી વિશેષ માહીતીની જરૂર તો છે જ.) આ સિવાય વિમલે કઇ કઇ લડાઇ કરી તેનો કોઇ ખાસ ઉલ્લેખ નથી. પરંતુ જે હકીકત મળે છે તે ઉપરથી માલમ પડે છે કે " વિમલ એક બહાદુર યોદ્ધો હતો, પાકો મુત્સદી હતો તો તેણે

---

૧. કવિ કહે છે કે આ ધન મળ્યું તે પણ માતાના પ્રતાપથી જ.
જુઓ વિમલપ્રબંધ. પૃ. ૧૮૩.

૨. ઇમ કરતાં જો તુમનિ કોડ, બાંણ તણા દેષાડું મોડ
બાલ સુઆરી કરૂ સાથરૂ, પેટી પાન અઠોત્તર ધરઉ—૨૨
કુહુ તેતાં વીંધૂં મનરંગિ, બાંણ ન લાગિ બાલક અંગિ
જુ અધિકું ઊછઉં વીંધાઇ, તુ માયૂં અહ્મારૂં જાઇ—૨૩
કલા દિષાડું અવર પ્રકારિ, વિલોણઉં વિલોવઇ નારી.
ઝબકઇ વેધી જાઇ ઝાલિ, ષંપણ પસર ન લાગિ ગાલિ—૨૪
અર્થ સમજાય તેમ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના શકંભરી (અજમેર) મરૂસ્થલી (મારવાડ) મેદપાટ (મેવાડ) જ્વાલાપુર વિગેરે સો રાજાને જીતીને **भूपालशतसेवितः** થયો હશે. ગુર્જરેશે પણ અંતે પોતાની ભુલ સ્વીકારી. અને તેને મનાવવા ખાતર છત્રચામર[1] મોકલાવ્યાં. પોતાની ભુલનો રાજાએ પશ્ચાતાપ કર્યો અને વિમલે પણ પોતાના રાજાની ભેટ સહર્ષ સ્વીકારી.

વિમલની કીર્તિ હવેથી એક રાજવી તરીકે પ્રસરી અને તે **चंद्रावइश** અને ચંદ્રાવતીશ આદિ બીરૂદોથી પ્રસિદ્ધિ પામ્યો.

આવી રીતે વિમલ ચંદ્રાવતીમાં રહી રાજ્ય કરી રહ્યો હતો તેવામાં ત્યાં શ્રી ધર્મઘોષસૂરિ પધાર્યા. તેમણે ચંદ્રાવતીશને ખૂબ ઉપદેશ આપ્યો અને તેના આગ્રહથી તે ત્યાં ચોમાસું રહ્યા. સૂરીશ્વરના નિરંતર ઉપદેશથી વિમલને ધર્મ ઉપર અડગ શ્રદ્ધા બેઠી. ગુરુએ પણ તે શ્રદ્ધાનો બરાબર યોગ જોઇ લાભ લીધો અને વિમલને કહ્યું કે અત્યાર સુધીની આખી જીંદગી અર્થ અને કામમાં ગાળી છે માટે હવે કાંઇક ધર્મકાર્ય કરો, પરલોકને માટે કાંઇક ભાથું બાંધો. વિમલને પણ તે ગળે ઉતર્યું. જીંદગીનાં કામો તેને સાંભર્યા. તેણે કહ્યું, ગુરુદેવ આપ કહો તેમ કરવાને તૈયાર છું. ગુરુએ કહ્યું આબુ ઉપર આપણું એકે મંદિર નથી માટે ત્યાં મંદિર બંધાવો. વિમલે તે વાત ખુશીથી સ્વીકારી અને તે દ્વારા પોતાના પાપને ધોઇ નાખી–નિર્મળ થવા પ્રયત્ન આદર્યો.

વિમલે આબુ ઉપર જઇ યોગ્ય જગા જોઇ અને તેના પુજારીઓની પાસે જમીનની માગણી કરી, પરંતુ તેમાં કંઇ ફાવ્યો નહિ. પછી તેણે પોતાની સત્તાના બળે જમીન લીધી, પરંતુ પુજારીઓને ખૂબ સમજાવી પુજારીઓના કહેવા પ્રમાણે ન્યાયસર પોતાને જેટલી જમીન જોઇતી હતી તેટલી જમીન સુવર્ણ ટંકાથી પુરી વેચાતી લઇ મંદિર બંધાવવું શરૂ કર્યું. વિમલે તે મંદિરમાં અઢળક દ્રવ્ય વાપરી ઉત્તમ શિલ્પકળાના નમુના રૂપ ભવ્ય, મનોહર, વિશાળ, જિનચૈત્ય બંધાવ્યું. વિમલ ભલે અત્યારે જોતો નથી પરંતુ તેના નિર્મળ આત્મા સમું આ મંદિર તેની કીર્તિને હજી પણ જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે. તે મંદિરનાં ગગનચુંબિ શિખરો ઉપરની ધ્વજાઓ હજી પણ વિમલના યશઃપ્રવાહના ઝંકાર ફડફડાટ દ્વારા, જગતને સુણાવી રહેલ છે. અત્યારે વિમલનાં મંદિર જગપ્રસિદ્ધ છે. તેની ઉત્તમ શિલ્પકળાનો નમુનો ભારતવર્ષમાં બીજે મળવો અલભ્ય છે બલ્કે નહિ મળે. તે મંદિરમાં બેસાડવા માટે તેણે અઢાર ભાર પિત્તળની આદિનાથ પ્રભુની (જૈનોના પ્રથમ તિર્થંકર–દેવ) પ્રતિમા કરાવી, અને સં. ૧૦૮૮ માં પોતાના પરમ ગુરુ શ્રી ધર્મઘોષ સૂરી પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. જ્યારે આબુ ઉપર મંદિર પૂર્ણ થયું અને પ્રભુને પધરાવી પ્રતિષ્ઠા–સ્થાપન કરાવી તે વખતે તેણે ભાટ ચારણોને પુષ્કળ દાન આપ્યું હતું. આ દાનનું મનોહર વર્ણન કવિ લાવણ્યસમય બહુ લંબાણથી આપે છે. પરંતુ તે જ ભયે એ અહીં નથી આપ્યું.

આવી રીતે જે નગરમાં પોતે રહેતો હતો તેમાં પણ તેણે ઘણાં ભવ્ય અને ગગન-

---

૧ કથાકોષ અને પ્રબંધસંગ્રહમાં લખ્યું છે કે **विमलपत्तनेशभीमेन छत्रचामरादि दत्वा नृपति कृतः विमलः** જુઓ વિમલપ્રબંધ પૃષ્ટ ૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચુંબી જિન મંદિરો કરાવ્યાં હતાં. તે વખતે ચંદ્રાવતી[1] જૈનપુરી તરીકે પણ ઓળખાતી હતી આવી રીતે વિમલમંત્રીએ જેમ પોતાની પૂર્ણ જીંદગી અર્થ અને કામમાં વાપરી, રાજાના મંત્રી તરીકે, એક યોદ્ધા તરીકે અને અંતે એક રાજા તરીકે જેમ પોતાની કીર્તિ તેણે મેળવી તેમ એક ધર્મી પુરુષ, દાનેશ્વરી પુરુષ, અને ગુજરાતને શોભાવનાર તરીકે પણ તેની કીર્તિ અખંડ રહેશે. અંતમાં આપણે તેની કીર્તિનું કવિવર શ્રી લાવણ્યસમયનું બનાવેલું એકાદ કવિત જોઇએ તો તે અસ્થાને નહિ કહેવાય.

आम कित्ति किहां लगइ, जोइ उत्तर अणु उत्तर,
जाम कित्ति किहां लगइ, पुव्वि नही निरति निरंतर,
आम कित्ति किहां लगइ, पेक्खि पश्चम समुद्र पर.
आम कित्ति किहां लगइ, देषि दक्षण दिगि अंतर,
पायालि कित्ति पनंग करइ, उंची इंद्र सभा लगइ.
लावण्यसमय कहि विमल तूह, कित्ति त्रिभोवनि झगमगइ,

જુઓ વિમલ પ્રબંધ પૃષ્ટ ૩૬૨, ૭૮

આ અર્થ સુગમ હોવાથી આપેલ નથી.

આવી રીતે વિમલની કીર્તિ ગુર્જરેશના મહામંત્રી તરીકે, એક સેનાધિપતિ તરીકે-ચંદ્રાવતીશ-રાજા તરીકે, જગપ્રસિદ્ધ છે. પરંતુ એક વ્યાપારી તરીકે વિમલની કીર્તિ નથી પ્રસરી, છતાં પણ એક ગુજરાતી પંચાંગમાં વિમલમંત્રીને મંત્રીશ્વર તરીકે નહિ ઓળખાવતાં વેપારી તરીકે ઓળખાવવાની બાળચેષ્ટા થઇ હતી. આ ઉપરથી સુજ્ઞ વાંચકો જોઇ શકશે કે વિમલની કીર્તિ મંત્રી તરીકે કેટલી પ્રસરી છે, અને વેપારી તરીકે કેટલી પ્રસરી છે ? તે વખતના બધા કવિઓ અને લેખકો જ્યારે વિમલને મંત્રી તરીકે ઓળખાવે છે ત્યારે એક કોઇ વિમલને વેપારી તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કરી ન્યાય (!) નું દર્શન કરાવી રહ્યા છે તે કેટલું યોગ્ય છે.

આ જગપ્રસિદ્ધ આબુ ઉપરનાં મંદિર બંધાવ્યા પછી વિમલનો આત્મા આ ભૂલોક છોડી સ્વર્ગે સિધાવ્યો.

૨ મહામંત્રી વસ્તુપાલ.

ગુજરાતના મહારાણા વીરધવળના મહામંત્રી શ્રી વસ્તુપાળ અને તેજપાળનાં નામ અને કામથી ગુજરાત અજાણ્યું નથી. તે બંન્ને મંત્રીઓની કીર્તિનો રણકાર હજી સુધી ભેરીની પેઠે મધુર અને આનંદદાયક રીતે વાગી રહેલ છે.

---

૧ કાળચક્રના ક્રમાનુસાર કોઇ પણ વસ્તુ અમર નથી. અત્યારે કળીયુગના પરિબળે મોટાં મોટાં નગરોનાં ખંડિએર થઇ ગયાં છે. અરે તેના અસ્તિત્વની નીશાની સરખી પણ હાથ નથી આવતી. તેવી રીતે વિમલની એ રાજ્યધાની ચંદ્રાવતી પણ મુસલમાન રાજાઓની ક્રૂરતાનો ભોગ થઇ પડી લાગે છે. અત્યારે ત્યાં પુરાતની નિશાની પણ નથી રહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનું જન્મ સ્થળ.

આ બંન્ને ભાઇઓનું જન્મસ્થળ સુંટાલક નગર હતું અને તેમના પિતા પ્રાગવાટ (પોરવાડ) વંશીય નામે અશ્વરાજ મંત્રી અને માતા સાલુરાજ મંત્રીની પુત્રી કુમારદેવી હતું. કુમારદેવીને ત્રણ પુત્રો હતા—નામે મલ્લદેવ[૧], વસ્તુપાળ, તેજપાળ અને ઝલ્હમાં આદિ સાત બ્હેનો હતી. અશ્વરાજ મહારાણા વીરધવલની આજ્ઞાથી સુંટાલક નગરના મંત્રી તરીકે ત્યાંજ રહેતો હતો. તેણે પોતાના પુત્રોને સારી રીતે વિધિ અભ્યાસ કરાવી પોતાનું સ્થાન સાચવે તેવી ઉત્તમ કેળવણી આપી હતી. આપણા ચરિત્રનાયક શ્રી વસ્તુપાળનાં સાક્ષાત્ લક્ષ્મી સરખી લીલાવતી નામે સ્ત્રી સાથે લગ્ન થયાં હતાં અને તેજપાળનાં સાક્ષાત્ સરસ્વતી સરખી અનોપમા દેવી સાથે લગ્ન થયાં હતાં. થોડા વખત પછી અશ્વરાજ મંત્રીનું મરણ થયું એટલે માતાના આગ્રહથી ત્યાંથી નીકળી માંડલમાં આવી વાસ કર્યો. ત્યાં તેઓ પોતાના દિવસો આનંદમાં ગાળતા હતા. એક વખતે તેઓ માતાની સાથે યાત્રાએ નીકળ્યા. બધે સ્થાને યાત્રા કરી પાછા વળતાં ધ્વલક્કપુર (ધોલકા) માં રાજ્ય પુરોહિત સોમેશ્વર ભટ્ટ સાથે તેમને મૈત્રી થઇ અને તેમના આગ્રહથી તેઓ ધોલકામાં રહ્યાં.

તે વખતે ગુજરાતના રાણા વીરધવલને એક સારા મંત્રીની જરૂર હતી. તેને સામાન્ય રીતે તપાસ કરતાં ખબર પડી કે તે પદવીને યોગ્ય વસ્તુપાળ અને તેજપાળ છે (વસ્તુપાળ ચરિત્રકાર કહે છે કે તેમને સ્વપ્નામાં કોઇ દેવ આવી કહી ગયો હતો.) બીજે દીવસે ખાનગીમાં રાજાએ પુરોહિતને પુછ્યું અને તેમાં તેણે ખાસ સમંતિ પૂર્વક કહ્યું કે તેમનાથી આપણા રાજ્યની આબાદી થશે. કારણ કે એ સમયે ગુજરાતના ઘણાખરા રાજાઓના મંત્રીઓ વાણીયા જ હતા. માટે તેમને તે પદવી ખાસ આપવી રાજાએ તે વખતે વસ્તુપાળ તેજપાળને બોલાવી મંત્રીપદ સ્વીકારવા આગ્રહ કર્યો. વસ્તુપાળે એક સરત પૂર્વક[૨] મંત્રીપદ સ્વીકાર્યું.

વસ્તુપાલ હવે એક સામાન્ય મનુષ્ય મટી ગુજરાતનો માહાન મંત્રી થયો. તેનું જીવન (૧) પ્રધાન તરીકે (૨) મહાન યોદ્ધા તરીકે (૩) પરદુઃખભંજન તરીકે (૪) કવિ તરીકે અને કવિના આશ્રયદાતા તરીકે અને (૫) ધર્મી તરીકે સંપૂર્ણ છે. હવે આપણે ટુંકાણમાં તેના જીવનની કારકીર્દિ જોઇશું.

પ્રધાન તરીકે.

આપણે પ્રથમ તેની પ્રધાન તરીકેની કારકીર્દિ જોઇએ. વસ્તુપાળચરિત્રકાર ટુંકમાં તેનું બહુ સારૂં બ્યાન આપે છે. તેનો સાર નીચે પ્રમાણે છે.

---

૧ મલ્લદેવ વસ્તુપાલનો મોટો ભાઇ છે છતાં તેના જીવન સાથે અહીં સંબંધ નહિ હોવાથી માત્ર નામથી જ ઓળખાણ કરાવી છે.

૨ કે જ્યારે કોઇ ચાડીયો પુરુષ આપને અમારી વિરુદ્ધ ખોટું ભરમાવી જાય અને આપને કોપ આવે ત્યારે તમારે અમારૂં અત્યારે જેટલું દ્રવ્ય છે તે અને કુટુંબ સહિત રજા આપવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુપાલે મંત્રીપદ લીધા પછી આખો રાજ્યકારભાર પોતાના કબજે કરી તેની બરાબર વ્યવસ્થા કરી. કારણ કે "પોતાના પગ નીચે બળતું પ્રથમ જોવું એ સજ્જન પુરુષનું કામ છે." તેણે રાજ્યવ્યવસ્થા બરોબર કર્યા પછી પોતાની પ્રજાના ખાનગી સુખ દુઃખ નીહાળી તેમનાં દુઃખ દૂર કરવા પ્રયત્ન આદર્યો. તેણે ગુજરાતની પ્રજાને ફરીથી સિદ્ધરાજ અને કુમારપાળ આદિ રાજવીઓની યાદી કરાવી. તેણે સંત પુરુષોને માન અને ખલ પુરુષોને દંડ આપી રાજ્ય નિષ્કંટક બનાવ્યું. જુના મંત્રીના વખતના કેટલાએક નોકરો પાખંડ અને લાંચીયા થઇ ગયા હતા. તેમની પાસેથી લાંચથી એકઠું કરેલું બધું ધન પાછું કઢાવી તે ધનથી તેણે સૈન્યમાં ભરતી કરી; અને જુના પૂજ્ય પુરુષનું પૂજન કરતા, વૃદ્ધોને તેમની યોગ્યતા પ્રમાણે માન આપી રાજ્ય ગુરુશ્રી સોમેશ્વર દેવને પ્રસન્ન રાખતા, ગુણવંત જનોને બહુ માન આપતા, ધાર્મિક જનોને વધાવતા, પ્રવીણ જનોને અગ્રેસર કરતા અને દુષ્ટ જનોને ભય બતાવતા. રાજ હંસની પેઠે રાજાના ' માનસ " સરોવરમાં રમતાં યથાયોગ્ય રાજ્યવ્યવહાર કરતા અને દુર્જનોની તપાસ રાખતા. " સુમિત્રા " ને આનંદ આપનાર લક્ષ્મણની સાથે જેમ રામચંદ્રે સ્વકાર્યની સિદ્ધિ કરી તેમ પોતાના અનુજ બંધુ તેજપાલની સાથે વસ્તુપાલે પણ સ્વકાર્ય (મંત્રીપદ) ની સિદ્ધિ કરી. " તેના મનમાં એમજ હતું કે સજ્જનોનો સત્કાર કરવો અને દુર્જનોનો દંડ કરવો. ધન અને ધર્મની વૃદ્ધિ કરવી અને સર્વે લોકો ઉપર ઉપકાર કરવો એ રાજ્ય શાસનનો નિયમ છે." આ પ્રમાણે બીચારી પ્રજાને પીડનારા દુષ્ટ લક્ષ્મીથી મદોન્મત્ત બનેલા એવા અનેક પુરુષોનો મદ ઉતારી તેમને આમ્રવૃક્ષની પેઠે નમ્ર બનાવ્યા. આવી રીતે તે પ્રજાને સંતોષ પમાડવામાં કુશલ હતો તેમ પાકો મુત્સદી પણ હતો. તેનું જવલંત ઉદાહરણ નીચે પ્રમાણે છે.

એક વખતે દીલ્હીના બાદશાહ મોજુદીનની માતા મક્કે હજ કરવા પોતાના રાજ્યમાં થઇને ખાનગી રીતે જતી હતી અને તેની ખબર મંત્રીને પડી એટલે તેણે તરતજ પોતાના ચરપુરુષો પાસે લુંટાવી. આમ હેરાન થઈ માટે રાજમાતા ફરીયાદ લઇને વસ્તુપાલ પાસે ગઇ. મંત્રીએ જાણે કાંઇ બન્યુંજ નહોય તેમ ડાવકાઇ રાખી તેની બધી બીના સાંભળી લઇ તેને આશ્વાસન આપી પોતાને ત્યાં ઉતારો કરાવી લુંટનાર મનુષ્યોને પાસે બોલાવી ધધડાવી બધો માલ પાછો અપાવ્યો અને પછી પોતે પણ તેની સાથે ઠેઠ મક્કા યાત્રા કરવા ગયો અને ત્યાં જઇ કીંમતી મુક્તાફલનું એક તોરણ ચડાવ્યું. પછી તે રાજ્યમાતા સાથેજ પાછો આવ્યો અને તેમના આગ્રહથી ઠેઠ દીલ્લી ગયો. પછી જ્યારે રાજ્યમાતાના મુખથી બધા સમાચાર બાદશાહે સાંભળ્યા ત્યારે તે બહુ ખુશી થયો અને વસ્તુપાલને એક ઉદાર અને પરોપકારી નર જાણી માન આપ્યું અને વસ્તુપાલ સાથે મૈત્રી બાંધી. આવી રીતે એક વીરોધી મુસલમાન બાદશાહ સાથે એક રાજાના મંત્રી તરીકે મૈત્રી બાંધી પોતાના રાજ્યને નિષ્કંટક બનાવ્યું. ટુંકાણમાં એટલુંજ કે તેની મંત્રી તરીકેની કારકીર્દિ બહુ ઉત્તમ હતી. હવે આપણે તેનું યોદ્ધા તરીકેનું જીવન જોઇએ.

યોદ્ધા તરીકેનું જીવન

તે વખતના સૌરાષ્ટ્રના મદોન્મત્ત રાજવી સાંગણ અને ચામુંડકે જેઓ વીરધવળના સાળા થતા હતા તે બન્ને જણાએ એક સંપ કરી ગુર્જરેશ્વરની આજ્ઞા સ્વીકારવાની નાપાડી. વીર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધવલે સલાહને માટે ઘણાં કહેણ મોકલ્યાં. અંતે પોતાની સ્ત્રી સાંગણની બ્હેન જયલતાને પણ તેને સમજાવવા મોકલી. પરંતુ મદોન્મત્ત રાજવીએ તેનું માન્યું નહી અને ગુર્જરેશ્વરની પત્ની (પોતાની બ્હેન) નું અપમાન કર્યું. આનો બદલો લેવા વસ્તુપાલ મહારાણા વીરધવલ સહિત ત્યાં ગયો અને બહાદુરીથી લડી તે બન્ને ભાઇને માર્યા અને તેમના પુત્રોને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરને ડંકો વગડાવ્યો. આવી રીતે ભદ્રેશ્વર (કચ્છ) ના મહારાણા ભીમસિંહે ગુર્જરેશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો હતો. વીરધવલે તેની પાસે ખંડણી માગી પરંતુ તેણે તે આપવાની ના પાડી તેનું મુખ્ય કારણ તો એમ હતું કે માળવાના રાજાના ત્રણ કુંવરો ત્યાંથી રીસાઇને પહેલાં ગુર્જરેશ્વર પાસે ગયા હતા અને ત્યાં નોકરીની માગણી કરી અને પગારમાં એક લાખ દ્રમ્મ માગ્યા. ગુર્જરેશ્વરે તેની ના પાડી જો કે ખરી રીતે આ ત્રણે ભાઇઓને રાખી લીધા હોત તો રાજ્ય દષ્ટિએ લાભ હતો, કારણ કે એ ત્રણે ભાઈ બહુ યુદ્ધકુશલ અને બલિષ્ટ હતા.

પછી ત્રણે ભાઇ ત્યાંથી નિરાશ થઇ ભદ્રેશ્વરમાં ગયા અને ત્યાંના ભીમસિંહે તેમને રાખી લીધા. એ ત્રણે ભાઇની યુદ્ધકુશલતા અને બહાદુરીના બલથી ભીમસિંહને ગર્વ ચડયો અને તેથીજ ગુર્જરેશ્વરની આજ્ઞાનો તેણે અનાદર કર્યો હતો. ગુર્જરેશ્વર પોતે ત્યાં યુદ્ધ કરવા ગયો પરંતુ સૈન્ય થાકેલું હોવાથી પ્રથમ હાર ખાવી પડી. ત્યાં તો વસ્તુપાલ બીજી બાજુથી સૈન્ય લઇ ત્યાં આવી ચડયો. વસ્તુપાલના યુદ્ધકૌશલ્યની અત્યારે ખરેખરી કસોટી હતી. ગુર્જરેશ્વર હતાશ થયો હતો. શત્રુ એ ત્રણે ભાઇઓના બલથી બહુ જોમાં હતો અને વળી પેલા પણ શત્રુનાજ દેશમાં હતા. વસ્તુપાલે કપટથી સૈન્યને ચારે બાજુ વ્હેંચી નાંખી થોડા સૈન્ય સાથે યુદ્ધ આદર્યું. જ્યાં શત્રુ બરાબર મધ્યમાં આવ્યો કે તેની ચારે બાજુથી સૈન્યે મારો ચલાવ્યો આ ચારે બાજુના મારે ભીમસિંહના સૈન્યમાં ભંગાણ પાડયું. અંતે ભીમસિંહ હાર્યો, મરાયો અને ગુર્જરેશ્વરનો વિજય થયો. તેના છોકરાને ગાદીએ બેસાડી ગુર્જરેશ્વરની આણ પ્રવર્તાવી ત્યાંથી વિજયલક્ષ્મી સહિત પાછો રાજ્યધાનીમાં આવ્યો.

હજી તો યુદ્ધમાંથી હમણાંજ વસ્તુપાલ આવ્યો ત્યાં તો ખબર સાંભળી કે ગોધરાના રાજા ઘુઘરે ગુર્જરેશ્વરની ધુંસરી ફેંકી દઇ સ્વતંત્ર રીતે પ્રજાને ત્રાસ આપવા માંડયો છે. ગુર્જરેશ્વરે નીતિ પ્રમાણે દૂતદ્વારા ખબર આપી પરંતુ તે મદોન્મત્ત બનેલા રાજવીએ કાંઇ માન્યું નહિ અને સાથે પોતાના દૂતદ્વારા કાજળ કાંચળી અને સાડી ગુર્જરેશ્વરને માટે ભેટ મોકલી અને સાથે પત્ર લખી ગુર્જરેશ્વરનું આખી ગુજરાતનું સખ્ત અપમાન કર્યું. ગુર્જરેશ્વર આ જોઇ ચકિત થયો. તેની આંખમાંથી અંગારા ઝરવા માંડયા. તેણે પોતાની લાલચોળ આંખો સભામાં ફેરવી કે કોઇ વીર પુરુષ ઉઠે; પરંતુ તેની સભામાંથી તે મદોન્મત્ત બનેલા રાજવી સામે જવાની કોઇની હીંમત ન ચાલી ઘુઘરની હાક આખા ગુજરાતમાં બહુ સખ્ત હતી. તેણે ફરી વાર સભામાં જોયું પરંતુ કોઇ ન ઉઠયું. અંતે તેની નજર મંત્રી પર ઠરી. વસ્તુપાળ સમજી ગયો. તે બીડું ઝડપવા ઉઠયો અને તેણે હાકલ મારી. તેનામાં હજી પણ પોતાના પુર્વજો (ક્ષત્રિઓ) નું લોહી ઉછળી રહ્યું હતું. તેની હાકલથી સભા ગાજી ઉઠી. પોતે બીડું સ્વીકારવાની હા પાડી. ત્યાં તો તેના નાનાભાઇ તેજપાલે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીડું પોતાના ભાઇ પાસેથી ઝુંટવી લઇ પોતે તેનો સ્વીકાર કર્યો. આખી સભાએ, ખુદ ગુર્જરેશ્વરે તેને ધન્યવાદ આપ્યો. બીજે દિવસે સવારે તે નવું સૈન્ય લઇ ઘુઘર સામે ગયો. ઘુઘર તેનું સ્વાગત કરવા પહેલેથી જ તૈયાર હતો. જો કે લડાઇના બહાનાની જરૂર નહોતી છતાં તેજપાળે જતાં વેંતજ તેનું અમૂલ્ય એવું ગૌધનનું હરણ કર્યું. તેજપાળે સાપને ફરી છંછેડયો. લડાઇ શરૂ થઇ. ઘુઘર બળવાન હતો. સૈન્યસામગ્રી પણ તેની પાસે જબરી હતી. યુદ્ધના પહેલા ઉફાળામાં શત્રુ મદોન્મત્ત હોવાથી કંઇક જીતતો જણાયો, પરંતુ ઉફાળો તે ઉફાળો જ. તેજપાળે પેલા ઉફાળામાંજ શત્રુનું બળ માપી લીધું અને તેને નિર્બળ બનાવ્યો. બીજે દિવસે તેજપાળે સૈન્ય ગોઠવી વ્યૂહ રચ્યો. ઘુઘર તેમાં સપડાયો અને અંતે જીવતો પકડાયો. તેજપાળે કાજલ કાંચળી અને સાડી યાદ કરાવી તેને કાષ્ઠના પીંજરમાં પુર્યો. આવી રીતે ગુર્જરેશ્વરની આજ્ઞા પ્રવર્તાવી તેજપાળ તેનો અખૂટ ધનભંડાર લુંટી ઠલોઇ થઇ શત્રુ સહિત રાજ્યધાનીમાં આવ્યો. ગુર્જરેશ્વરે તેને બહુ સન્માનપૂર્વક પુરપ્રવેશ કરાવ્યો અને સભામાં પણ પુષ્કળ માન આપ્યું અને ઘુઘરને ગુર્જરેશ્વર માટે મોકલેલી કાજળ કાંચળી અને સાડી ભર સભા વચ્ચે તેને પરાણે પહેરાવી. માની ઘુઘરને આ અપમાન અસહ્ય લાગ્યું અને જીભ કરડી સભા વચ્ચે આપઘાત કરી સુવો. બીજાં છુટક યુદ્ધો પણ તેણે કર્યાં હતાં પરંતુ તે એટલાં બધાં પ્રસિદ્ધ નથી. સામંતપાળ આદિના યુદ્ધો સામાન્ય છે એટલે તેનું વર્ણન હું નહી આપું. આવી રીતે સારા યુદ્ધવિશારદ તરીકે પણ તેની કીર્તિ બહુ સારી છે. તે ચુસ્ત જૈન ધર્મી હતો (કે જેના દાખલા આગળ આવશે) છતાં તે કાયર કે નિર્બળ નહોતો. અત્યારના કેટલાએક વાણીઆઓની દુર્બળતા જોઇ કોઇ કોઇ લેખક મહાશયો એમ ઠસાવવા માગે છે કે જૈનોએ હિંદુસ્તાનને અહિંસાનો ઉપદેશ આપી બાયલો કરી નાખ્યો છે. પરંતુ તે લેખક મહાશયો દીર્ઘદૃષ્ટિથી જોશે તો માલમ પડશે કે તેમના તે આક્ષેપમાં કેટલું સત્ય છે. વસ્તુપાળ, તેજપાળ તથા આગળ થયેલા સંપ્રતિ, આમ, કુમારપાળ, આદિ રાજાઓ તથા અભયકુમાર, વિમલ, ઉદો, મુંજાલ, આદિ મંત્રીઓનાં જ્વલંત ઉદાહરણ મોજુદ છે. ઘણા ચુસ્ત વાણીઆઓએ પોતાના દેશ માટે પોતાના રાજા માટે અને સ્વરક્ષણ માટે કલમની પેઠે તીક્ષ્ણ પાણીદાર તરવાર પણ ઉપાડી છે. માટે તેવો આક્ષેપ કરનાર લેખક મહાશયોને મારી નમ્ર પ્રાર્થના છે કે તેમણે આક્ષેપ કરતાં પહેલાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવો. આ જરા વિષયાંતર થયું. હવે મુળ બાબત ઉપર આવીને આપણે પરદુઃખભંજન તરીકેની તેની કારકીર્દિ જોઇએ.

પરદુઃખભંજન તરીકે.

આપણે પ્રથમ જોઇ ગયા છીએ કે તેણે શઠ પુરુષોને શિક્ષા કરી સંત પુરુષોને સુખી કર્યા હતા. બીજી રીતે પણ ઘણાં મનુષ્યોને ગુપ્ત દાન આપી કાળના ગ્રાસમાંથી બચાવી લીધા હતા તથા વાવ કુવા સરોવર તથા પરબ આદિ મંડાવીને પણ પોતાની પરદુઃખભંજકતા દેખાડી છે.

એક વખત ખંભાતમાં આકાશના સૂર્ય સમાન અભિમાનનું પુતળું અને સત્તાના અવતાર સરખા અને લક્ષ્મીના મદથી મદોન્મત બનેલા અને રણાંગણમાં વીરરત્ન સરખા સદીક નામના વેપારીએ ખંભાતની પ્રજાને બહુ પીડા કરવા માંડી. તેની બીકથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રજા ત્રાસી રહી હતી. ત્યાં તો તેણે એક કરપીણ કામ કરી પ્રજાને દુઃખનો એક વધારે પ્રસંગ ઉભો કર્યો. તેણે ત્યાંના એક પ્રખ્યાત સમૃદ્ધિવાન્ અને પોતાના ભાગીદાર નગરશેઠને એક ક્ષુદ્ર ગુન્હા માટે તેનાં ઘરબાર લુંટી લઇ તેનું ખાનગીરીતે ખુન પણ કરાવ્યું. પ્રજા આ સાંભળી ત્રાસી ગઇ આ દુઃખદાયક બીના જણાવવાને તેનો પુત્ર રાજ્યધાનીમાં ગયો અને ત્યાં જઈ મંત્રીને અથ થી ઇતિ સુધી બધી બીના કહી સંભળાવી. મંત્રીને આ સાંભળી ઘણો ખેદ થયો. તેને વિચાર થયો કે રાજ્યના એક પ્રતિષ્ઠિત અને ધનવાન ગ્રહસ્થને એકદમ હેરાન કરવો તેની લાજ લેવી તે ઉચિત નહી. તેથી તેણે તેને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો; પોતે જાતે ત્યાં ગયો તેને સમજાવ્યો. પરંતુ ધનથી મદોન્મત બનેલા સદીકે મંત્રીને યુદ્ધનું આવાહન આપ્યું. સદીકને સંખરાજાએ સૈન્યની મદદ આપી. યુદ્ધ શરૂ થયું. સંખરાજા પોતે પણ આવ્યો પરંતુ તે ટકી શકયો નહિં. વસ્તુપાળે એક કાંકરે બે ધા માર્યા. એક રાજ્યદ્વારી શત્રુને માર્યો અને બીજા સદીકને પણ માર્યો. તેનું બધું ધન લુંટી લઇ. રાજ્યધાનીમાં પ્હોંચતું કર્યું[૧]. ગુર્જરેશ્વર આથી બહુ પ્રસન્ન થયો અને વસ્તુપાળને સભામાં ત્રણ બીરૂદ આપ્યાં (૧) સદીકકુલસંહારી (૨) સંખમાનમર્દન (૩) અને રાજેંદ્રસ્થાપનાચાર્ય. આવી રીતે પરદુઃખભંજક તરીકે તેની કારકીર્દિ પુરી કરી કવિ તરીકેની તેની કારકીર્દિ તરફ વળીએ.

કવિ તરીકે.

કવિ તરીકેની વસ્તુપાળની ખ્યાતિ ઘણે સ્થળે મળી આવે છે. પોતે જ પોતાના કાવ્યમાં પોતાને સરસ્વતી પુત્ર તરીકે ઓળખાવે છે. ગિરનારના એક મંદિરની એક પ્રશસ્તિમાં પણ તેને કાવ્ય દેવીના પુત્ર તરીકે વર્ણવ્યો છે, તથા કવિચક્રવર્તી આદિ ઘણાં બીરૂદોથી તે મહાકવિ વિભૂષિત હતો. સોમેશ્વર દેવ જેવા ચુસ્ત હીંદુઓ પણ તેને એક સારા કવિ તરીકે વર્ણવે છે અને તેણે વસ્તુપાળને આબુની પ્રશસ્તિમાં પણ શ્રેષ્ઠ કવિ તરીકે વર્ણવ્યો છે. આવીજ રીતે અલંકારમહોદધિના કર્તા જણાવે છે કે કાવ્યશાસ્ત્રની સુંદર રચના માટે વસ્તુપાળને પણ માન ઘટે છે. તેની કૃતિઓમાં નરનારાયણાનંદ મહાકાવ્ય કે જે સોળ સર્ગનું છે અને તેમાં કૃષ્ણ અને અર્જુનની મૈત્રી, તેમનો ગિરનાર ઉપર આનંદવિહાર, સુભદ્રાહરણ આદિ સુંદર રચના કરી છે. તે અને તેવાં બીજાં વણનો જેવાં કે સૂર્યોદય, ચંદ્રોદય, શહેર, રૈવત, રાજા, પુષ્પાવચય, આદિવર્ણન બહુ સારી રીતે કર્યાં છે. આ ઉપરાંત તેની બનાવેલી સુખ્તીઓ પણ બહુ વખણાય છે. તેની સુખ્તીઓ છુટક છુટક ઘણાં કાવ્યોમાં આવે છે. આદિનાથ સ્તોત્ર પણ તેણે રચ્યું[૨] છે. આ મહાકવિની બીજી પણ કૃતિઓ હોય તો ના ન કહેવાય. વસ્તુપાળમાં એક વિદ્વાન તટસ્થ ટીકાકાર તરીકે તથા કાવ્યોના ગુણદોષ પરિક્ષક તરીકે

---

૧ તેની સંખ્યા આ પ્રમાણે છે. પાંચ હજાર સુવર્ણની ઈંટો, ચૌદસો ઘોડી અને રત્નમાણેક અને મોતીના થાળ ભરી ભરી ધન હતું.

૨ સીયાજીરાવ સીરીજમાં નરનારાયણાનંદ મહાકાવ્ય છપાયું છે અને તેમાં તેની સુક્તીઓ આદિનાથ સ્તોત્ર તથા વસ્તુપાળકીર્તિ પ્રબંધોનો પણ સાર કહેલો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અસાધારણ શક્તિ હતી. તે કાવ્યકળાનો બહુ પ્રશંસક હતો. તેને કવિઓ ઉપર બહુ માન હતું. પોતે કવિઓની કદર પણ સારી રીતે કરી જાણતો. રાજ્ય કવિ હરિહરની ઈર્ષા સોમેશ્વર ઉપર ઝુઝુમતી હોવા છતાં જો સોમેશ્વર દરબારમાં સ્થાન પામ્યો હોય તો તે કવિપૂજક વસ્તુપાળના જ રૂડા પ્રતાપ હતા.

તેની કવિઓ તરફની દાનવીરતા એટલી બધી પ્રસિદ્ધ હતી કે તે "લઘુ ભોજરાજા" નું બીરૂદ પામ્યો હતો. તેનું બીજું નામ વસંતપાળ હતું કે જે નામ સોમેશ્વર અને હરિહરે આપ્યું હતું અને તેથી જ બાલચંદ્ર કવિએ તેની પ્રશંસારૂપે સુંદર કાવ્ય રચ્યું હતું. આવી રીતે જેમ તે કવિ તરીકે પ્રસિદ્ધ હતો તેમ કવિઓના આશ્રયદાતા તરીકે પણ તે પ્રસિદ્ધ હતો. હરિહર, સોમેશ્વર, દામોદર, નાનક, જયદેવ, મદન, વીકળ, અને કૃષ્ણસીંહ આદિ કવિઓનો તે આશ્રયદાતા હતો. આ સિવાય ઘણા કવિઓ અને ભાટ ચારણોનો પણ તે આશ્રયદાતા હતો. તેણે તેમાંના ઘણાને ધનવાન બનાવ્યા હતા. તેની આ દાનવીરતાને લીધેજ એક કે બીજો કોઇ પ્રસંગ આવી પોતાના આશ્રયદાતાનું નામ અમર રાખતો તેની પ્રશંસારૂપે ઘણાં કાવ્યો રચાયાં છે જેવાં કે સોમેશ્વરની કીર્તિકૌમુદી વગેરે. બીજાં છુટાં કાવ્યોમાં તથા અરિસિંહનાં સુકૃતસંકીર્તનમાં તેની દાનવીરતા તથા અસાધારણ પરાક્રમનું વર્ણન આપ્યું છે. એવીજ રીતે હમીરમદમર્દન તથા ઉદયપ્રભકૃત ધર્માભ્યુદય આદિ કાવ્યમાં તેના આશ્રિતોએ કાવ્યો રચી પોતાનું ઋણ પતાવવા કાંઇક પ્રયત્ન કર્યો છે આવી રીતે કવિ તરીકે અને તટસ્થ ટીકાકાર તરીકે તથા કવિઓના આશ્રયદાતા તરીકે તેનો કીર્તિકલશ બહુ સારી રીતે શોભી રહ્યો છે. એક રાજ્યમંત્રી તરીકે અહોનિશ કાર્યમાં ગુંથાઇ રહ્યા છતાં તે એક મહા કવિ તરીકે પ્રશંસા મેળવે અને તેમાંય વળી તેના વિરોધીઓ સુદ્ધાંત તેની મહાકવિ તરીકે પ્રશંસા કરે એ એક આશ્ચર્ય તો છે જ. મને તો એમજ લાગે છે કે વસ્તુપાળ અદ્ભુત પ્રતિભાસંપન્ન પુરુષ હોવો જોઇએ. નહિતર દરેક કાર્યોમાં આટલી બધા પ્રશંસા મેળવવી એ અલભ્ય નહી તો મુશ્કેલ તો છેજ હવે આપણે તેની ધર્મી તરીકેની કારકીર્દિ જોઇએ.

ધર્મી તરીકે

ધર્મી તરીકે તે ચુસ્ત શ્રાવક હતો. તે શ્રાવકનાં બાર વ્રત તથા દરરોજ પ્રતિક્રમણ દેવપૂજા ગુરુપૂજા આદિ કાર્યો નિયમિત કરતો. તે સિવાય તે વખતના પ્રખર ધુરંધર આચાર્યો પાસે પણ તે દરરોજ જતો અને ઉપદેશ સાંભળતો. તેના કુલક્રમાગત ગુરુ શ્રી જયસેનસૂરી તથા તે વખતના સમકાલીન આચાર્યો શ્રી દેવપ્રભસૂરી, શ્રી નરચંદ્રસૂરી આચાર્ય શ્રી દેવેંદ્રસૂરી તથા નાગેંદ્રસૂરી આદિ આચાર્યો પાસે ઘણી વખત ઉપદેશ સાંભળવા જતો અને તેમના ઉપદેશથી તેણે ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા આબુનાં જગપ્રસિદ્ધ મંદિરોમાં પણ અઢળક દ્રવ્ય વાપર્યું હતું. બીજાં પણ ઘણાં નવાં મંદિરો કરાવ્યાં હતાં. તેણે સાડા બાર વાર મોટા સંઘ કાઢી સંઘપતિની પદવીયુક્ત યાત્રાઓ કરી હતી.[1] તપસ્યામાં પંચમી તપ, ચતુર્દશી આદિ તપસ્યા

---

૧ છેલી તેરમી યાત્રા કરવા જતાં રસ્તામાં તે કાળગ્રસ્ત થયો હતો એટલે બાર આખી અને તેરમી અર્ધી એમ થઇ સાડાબાર યાત્રા તેણે કરી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી તેનું ઉજમણું પણ બહુ સારી રીતે કરતો. તેણે ઉદયપ્રભસૂરિની આચાર્ય પદવીના સમારંભ ઉપર પણ બહુ સારૂં દ્રવ્ય ખરચ્યું હતું અને તે વખતથી દર વરસે એક કરોડ દ્રમ્મ શ્રાવકોને આપવાનો તેણે નિયમ કર્યો હતો.

તે ધર્મી હતો છતાં ધર્માંધ નહોતો. તેણે કોઇ પણ ધર્મ ઉપર અન્યાય થતો જોઇ યોગ્ય ઇન્સાફ આપ્યો છે તો પછી પોતે તો અન્યાય કરે જ શાનો ? તેણે અન્ય ધર્મીઓનાં મંદિરો પણ ઘણાં બંધાવ્યાં છે તેણે ૩૨૦૦૦ બીજા ધર્મવાળાનાં દેવગૃહ કરાવ્યાં હતાં અને સવા લાખ શિવલિંગ કરાવ્યાં હતાં, તથા ૭૫૦ બ્રહ્મશાળાઓ કરાવી હતી.

આવી રીતે જેણે અપૂર્વ પરાક્રમ કરી રાજ્ય કારભાર ચાણુકયબુદ્ધિથી વહી ગુજરાતના રાણા વીરધવલના રાજ્યને મજબુત બનાવ્યું હતું તેની વિદ્વત્તા તેની સત્તા અને શકિત કેવાં હતાં તેનો ખ્યાલ તેનાં અપૂર્વ પરોપકારી સાર્વજનિક કાર્યોથી અને આબુ ઉપર બંધાવેલાં જગવિખ્યાત મંદિરો જોવાથી આવે છે. તે દરેક સંપ્રદાયના પક્ષમાં સહાનુભૂતિ દર્શાવતો અને પ્રજાનું હૃદય આકર્ષવાને માટે તે કેટલો આતુર હતો તેનો ખ્યાલ તેણે મુસલમાનોને માટે બંધાવેલી મસીદો નીહાળતાં આપણને આવે છે. તેના કીર્તિલેખો, પરોપકારી કૃત્યો, અને સાર્વજનિક કાર્યો તથા અનેકવિધ પ્રશસ્તિઓ બસોથી અઢીસો શિલાલેખો ચતુર્વિંશતિ પ્રબંધ, પ્રબંધ ચિંતામણી, કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન વગેરેમાંનાં તેનાં કીર્તિ સ્તવનોએ તેને અમર કર્યો છે. વસ્તુપાળના અવસાન પછી વસ્તુપાલના પુત્રની અભિલાષાના અંગે બાલચંદ્ર મહાકવિએ વસંતવિલાસ રચી તેની કીર્તિ અમર કરી છે. તેમજ મુનિજિનહર્ષરચિત વસ્તુપાળ–ચરિત્ર આદિ સાહિત્ય જોવાથી તેના જીવનમાં કોઇક અનેક ઓજસ ઝળહળી ઉઠે છે. હવે હું ટુંકાણુમાં તેણે કરેલાં કાર્યોની નોંધ લઇ વિરમીશ.

તેણે ૧૩૧૩ જિન ચૈત્ય નવાં કરાવ્યા તથા ૩૩૦૦ જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો હતો. સવાલાખ પ્રતિમા, એક લાખ શિવલિંગ, ૩૨૦૦ અન્ય ધર્મવાળાંનાં મંદિરો, ૭૫૦ બ્રહ્મશાલાઓ, ૭૦૧ તપસ્વીઓને રહેવાના મઠ, ૭૦૦ દાનશાલાઓ, ૯૮૪ ઉપાશ્રયો તથા ૮૪ સુંદર સરોવરો, ૪૬૪ વાવ્યો, ૧૦૦ પુસ્તકાલયો[1] તથા ૧૦૦ તપસ્વીઓને માટે વરસાશન બાંધી આપ્યું હતું; ૩૦ નવા કીલ્લા બંધાવ્યા હતા અને ૬૩ યુદ્ધ કર્યાં હતાં. આવી રીતે ટુંકાણુમાં તેના કાર્યોની નોંધ મેં લીધી છે. જો કે આથી વધારે નોંધ વસ્તુપાળચરિત્રમાં મળે છે, પરંતુ લંબાણના ભયથી મેં નથી ટાંકયું. વસ્તુપાલનું જીવન સુયોગ્ય મંત્રી તરીકે મહાન યુદ્ધવિશારદ તરીકે પરદુઃખભંજન તરીકે કવિ તરીકે અને સારા ધર્મી તરીકે સંપૂર્ણ છે.

આવા સુનિપુણ મનુષ્યોચિત જીવન પરિપૂર્ણ કરી પોતાની કીર્તિ રૂપી ગંગાને ત્રિલોકમાં ભમાવાને જ્યારે પોતે છેલ્લીવાર યાત્રા કરવા સંઘ સહિત નીકળ્યો ત્યાં રસ્તામાંજ તેને વ્યાધિ થયો. અંતે તે વ્યાધિ પ્રાણઘાતક નીકળ્યો અને ત્યાં તે સંવત ૧૨૯૮ માં સ્વર્ગે ગયો.

ભલે તેનો નાશવંત દેહ નાશ પામ્યો હોય પરંતુ તેના નિર્મળ આત્મોદ્દગાર તો નિર્મળ નભોમંડલના ચમકતા તારાની પેઠે જ્વલંત ભાવે પ્રકાશી રહેલ છે અને તેની કીર્તિ "અમરશ્રીના શુભ્ર પ્રવાહની જેમ" ચો તરફ ફેલાઇ અમરસ્થાન ભોગેવી રહેલ છે–રહેશે.

---

૧ તેણે પોતાને ઘેર ખાનગી ત્રણ જબરજસ્ત પુસ્તકાલય કરાવ્યાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org